# ડીસામાં આનંદ ઉલ્લાસ, પુણ્ય અને સેવાના સંગમ સાથે ઉત્તરાયણ પર્વની ધમાકેદાર ઉજવણી

## શહેરવાસીઓએ ઉંધિયા જલેબી સહીત વાનગીઓની જયાફત ઉડાવી

ડીસા, તા.૧૫

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ૧૪ જાન્યુઆરીના પર્વની આનંદ, ઉલ્લાસના માહોલ સાથે ઉજવણી થઈ હતી. વહેલી સવારથી લઈ મોડી સાંજ સુધી ડીસા શહેરનું આકાશ રંગબેરંગી પતંગોથી છવાયેલું રહ્યું હતું લોકોએ ઉંધિયા, જલેબીની સાથે તલના લાડુ, તલપાપડી જેવી વાનગીઓની જયાફત ઉડાવી હતી.

ડીસાવાસીઓ છેલ્લા ૧૫ દિવસથી જેની તૈયારીમાં વ્યસ્ત બનેલા હતા તે મકરસંક્રાંતિ પર્વના દિવસે નાના બાળકથી લઈ મોટી ઉંમરના લોકો પણ પતંગ ચગાવવા માટે ખુલ્લા મેદાન, અગાશી અને ધાબા પર ગોઠવાઈ ગયા હતા અને પતંગ રસિયાઓએ મન મુકીને પતંગ ચગાવવાની મજા માણી હતી. 'એ કાપ્યો, એ જાય, એ ગયો'ના નારાઓથી સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું. અગાશી કે ધાબા પર માઈકો અને ડીજે ગોઠવી દઈ ગીતોની પણ ધુમ મચાવી હતી. ગત ઉતરાયણે શહેરમાં 'સનેડા' વાળુ ગીત ફેવરીટ બન્યું હતું જયારે આ વખતે 'ઠાકોરો દિલના ભોળા' ગીતની ધુમ સાથે પતંગ રસિકોએ મજા માણી હતી. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પતંગ દોરીની સાથે સાથે ટોપી, ચશ્મા, હાથે પહેરવાના મોજા, પિપુડી, ફુગ્ગાનું પણ મોટા પાયે વેચાણ થયું હતું. ઉતરાયણના રોજ કેટલાક લોકોએ ફટાકડા ફોડીને પણ લિજજત માણી હતી. પતંગ ચગાવવાની સાથે વિવિધ સંગઠનો, મંડળો અને ધર્મપ્રેમી જનતા દ્વારા ગાયો માટે ઘાસની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મોટા પ્રમાણમાં આવેલ દાનને સ્થાનિક ગાયો માટે તેમજ ગૌશાળાની ગાયો માટે મોકલવામાં આવ્યું હતું. શહેરની તમામ સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં કુતરાઓ માટે લાપસી અને લાડુ જેવી વાનગીઓનું પણ આયોજન કરાયું હતું. કેટલીક જગ્યાએ ગરીબોને વસ્ત્રો તેમજ ગરીબ અને ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકોને પતંગ-દોરી પણ આપવાં આવેલ. પતંગ ચગાવવા અને દાણ પુણ્ય કરવાની સાથે લોકોએ ઉંધિયુ, જલેબી, તલપાપડી, તલના લાડુ સહિત વાનગીઓની પણ જયાફત ઉઠાવી હતી. સાંજે વાનગીઓ માટે બજારમાં પડાપડી સર્જાઈ હતી જેના કારણે વેપારીઓએ એકાએક ભાવ વધારી દીધા હતા. ઉતરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને સારવાર આપવા માટે વિવિધ સંગઠનો અને સંસ્થાઓ દ્વારા કેમ્પોનું આયોજન કરાયું હતું. આમ શહેરમાં નાત જાત કે ધર્મના ભેદભાવ વિના સમગ્ર શહેરવાસીઓએ રંગે ચંગે ઉત્તરાયણને મનાવી હતી.

### વાસી ઉત્તરાયણ નિમિત્તે પણ રજા જેવો માહોલ

ડીસા શહેરમાં વાસી ઉત્તરાયણના દિવસે પણ પતંગરસિકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી તેમજ શહેરમાં પચાસ ટકા દુકાનો બંધ રહેતા રજા જેવો માહોલ જોવા મળ્યો હતો. શહેરમાં જે દુકાનો ચાલુ હતી તે સાંજે વહેલા બંધ થઈ જવા પામી હતી. રવિ, સોમની રજા સાથે લોકોએ મંગળવારે એટલે કે વાસી ઉત્તરાયણના દિવસે પણ ઘરે રહેવાનું મુનાસિબ માની ધંધા અર્થે બહાર નિકળવાનું ટાળ્યું હતું.



**ડીસામાં પતંગ રસિયાઓએ ૩૧ પક્ષીઓને ઘાયલ કર્યા**

ડીસામાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ રસિયાઓ પોતાની મજા ણવા મૂંગા પક્ષીઓને ઘાયલ કરતાં હોય છે ત્યારે ડીસા શહેરમાં પતંગ રસિયાઓએ ૩૧ જેટલા પક્ષીઓને ઘાયલ કર્યા હતાં. ડીસામાં સેવા ભાવી સંસ્થા અખિલ ભારતીના શ્રી રાજેન્દ્ર જૈન, તરુણ પરિષદ શાખા ડીસા દ્વારા તા. ૧૩, ૧૪, ૧૫ના રોજ મૂંગ પક્ષીઓનો સારવાર માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયું

## ઈવીએમ મશીન દ્વારા ૪૭૫ મતદાન મથકો ઉપર મતદાન થશે : ૩ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૫ ફેબ્રુઆરીએ મતગણતરી થશે

હિંમતનગર, તા. ૧૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ બાદ સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામપંચાયતોની મુદત પુરી થતાં રાજય ચૂંટણીના આદેશ મુજબ ચૂંટણી યોજવા માટેનુ વિધિવત જાહેર નામુ પ્રસિધ્ધ થયુ છે. જિલ્લાની ૧૪૨ ગ્રામપંચાયતોની એક જ દિવસે ૩ ફેબ્રઆરીએ ચૂંટણી યોજાનાર છે. જેમાં ૪૭૫ મતદાન મથકો ઉપર ઈવીએમ મશીન દ્વારા મતદાન થશે.

જિલ્લાની ૧૪૨ ગ્રામપંચાયતોની ચૂંટણી અંગની માહિતી આપતાં અધિક ચીટનીશ જયંતિભાઈ ચૌહાણે જણાવ્યુ હતુ કે જિલ્લાની ૧૪૨ ગ્રામપંચાયતની મુદત પુરી થતી હોઈ રાજય ચૂંટણી પંચના આદેશ અનુસાર ૧૫મી જાન્યુઆરીએ જાહેનામુ પ્રસિધ્ધ કરવામમાં આવે છે. ૪૭૫ જેટલા મતદાન મથકો ઉપર તા. ૩ ફેબ્રઆરીએ મતદાન યોજાશે. અને ઈવીએમ મશીન દ્વારા મતદાન થશે. ૫ ફેબ્રઆરીએ મતગણતરી હાથ ધરાશે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે આદર્શ આચારસહિતા પણ અમલમાં આવેલ છે.

વિધાનસભાની ચૂંટણી બાદ થોડાક જ સમયમાં જિલ્લાની ૧૪૨ ગ્રામપંચાયતોની ચૂંટણી જાહેર થતાં ગામડાઓમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. હિંમનતગર તાલુકાની ૧૭ ગ્રામપંચાયતોમાં ૧૩૭ વોર્ડની ચૂંટણી થનાર છે.જયારે પ્રાંતિજની ૨૧ ગ્રામપંચાયતોના ૧૬૭ વોર્ડ,મોડાસા ૨૨ ગ્રામપંચાયતોના ૧૯૮ વોર્ડની ચૂંટણી યોજાનાર છે. ઉમેદવારી પત્રો સ્વીકરવાની છેલ્લી તા. ૨૧ જાન્યુઆરી છે. ૨૨મી જાન્યુઆરીએ ફોર્મ ચકાસણી અને ૨૩ જાન્યુઆરીએ ફોર્મ પરત ખેચવાના છે. અને ૩ ફેબ્રઆરીએ મતદાન યોજાનાર છે.

### કયા તાલુકામાં કેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે

| તાલુકો | ગ્રામ પંચાયતો | વોર્ડ | મતદાન મથકો |
|---|---|---|---|
| હિંમતનગર | ૧૭ | ૧૩૭ | ૫૧ |
| ભિલોડા | ૬ | ૪૬ | ૨૦ |
| ઈડર | ૧૨ | ૯૦ | ૨૮ |
| વડાલી | ૫ | ૩૭ | ૧૪ |
| ખેડબ્રહમા | ૪ | ૩૬ | ૧૪ |
| પ્રાંતિજ | ૨૧ | ૧૬૭ | ૭૩ |
| તલોદ | ૧૧ | ૮૫ | ૩૦ |
| બાયડ | ૧૪ | ૧૩૬ | ૬૮ |
| ધનસુરા | ૧૩ | ૧૨૧ | ૪૨ |
| મોડાસા | ૨૨ | ૧૯૮ | ૭૭ |
| મેઘરજ | ૫ | ૫૧ | ૨૩ |
| માલપુર | ૧૨ | ૯૪ | ૩૫ |

# હિંમતનગરમાં એક જ રાત્રીમાં ત્રણ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલી શારદાકુંજ સોસાયટીમાં ઉત્તરાયણની રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકી ત્રણ બંધ મકાનમાં તાળા તોડી તેમાંથી દોઢ લાખની રોકડ અને સોનાચાંદીના દાગીનાની ચોરી કરી લઈ ગયેલ આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાયેલ છે.

વિગત મુજબ શારદાકુંજ સોસાયટીમાં લીલાબેન શામળભાઈ વણકરના ૧૦૫ નંબરના મકાનમાં ભાડે રહેતા વસંતભાઈ દલાભાઈ પરમાર અને નરેશભાઈ કુશાલભાઈ વણકર બંને ઉત્તરાયણ મનાવવા ઘર બંધ કરી વતને ગયા હતા ત્યારે ઉત્તરાયણને સોમવારની રાત્રીના તસ્કરોએ ત્રાટકીને નરેશભાઈના મકાનના દરવાજાનું તાળુ તોડીને અંદર પ્રવેશ કરી લાકડાનું કબાટ તોડી ફેંદેલ પરંતુ કઈ હાથ ન લાગતા બાજુમાં આવેલા વસંતભાઈના મકાનમાં પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી ૧ લાખ ૧૦હજાર રોકડા, એક સોનાની ચેન, એક બુટ્ટી, બે વીંટી, ત્રણ નથણી અને બે ચાંદીના સિક્કાની ચોરી કરી લઈ ગયેલા તેવું વસંતભાઈ પરમારે જણાવેલ અને આ અંગે તેમણે હિંમતનગર ટાઉનપોલીસમથકે જાણ કરી હતી અને પોલીસ, ડોગ સ્કોડ અને એક એસએલ ટીમ પણ તપાસ માટે આવી હતી. જ્યારે તેમના ઘરની બાજુમાં આવેલા ૧૩૩/૨ નંબરના લીલાબેન દિનેશભાઈ વણકરના મકાનમાં ભાડે રહેતા કૃષ્ણકુમાર સરથુંપ્રસાદ સિન્હાના બંદ મકાનને તસ્કરોએ નિસાન બનાવ્યું હતું અને દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી ૨૦હજાર રોકડ અને સોના ચાંદીના દાગીના મળી ૪૨ હજાર ૫૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જ્યારે ત્રીજુ ૧૭૨/૨ નંબર રાજેશભાઈ બી. જાદવનું બંધ રહેતા મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવેલ પરંતુ કઈ હાથ લાગેલ નહી. આ ત્રણે ચોરી થઈ હતી. પરંતુ હિંમતનગર ટાઉન પોલીસમથકના ચોપડે માત્ર એક જ ૪૨ હજાર ૫૦૦ની મત્તાની ચોરીની ફરીયાદ નોંધાઈ હતી.





### હિંમતનગર ખાતે પક્ષી સારવાર કેમ્પ અને કુંડા વિતરણ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર ખાતેના મહાવીર નગર ચાર રસ્તા કેનાલ પાસે સાબરકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી દ્વારા ઉત્તરાયણ નિમિત્તે પક્ષી સારવાર કેમ્પ અને કુંડા વિતરણનું આયોજન કરવામાં આવ્યું. આ પક્ષી સારવાર કેમ્પમાં સંસ્થા દ્વારા અંદાજે ૧૨ જેટલા મુંગા ઘાયલ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત ઠેર ઠેર પક્ષીઓને પાણી પીવા માટે કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી ડૉ. ગોવંદભાઈ પટેલ, કાન્તિભાઈ પટેલ, સર્વાનંદભાઈ ભટ્ટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પને સફળ બનાવ્યો હતો.

# ગુજરાતમાં મોટા ભાગના કોચ રાજ્ય બહારના હોવાથી કોચની ભરતી કરવા ઉગ્ર માંગ

## એનઆઈએસ ડીગ્રીધારકોને થઈ રહેલો ઘોર અન્યાય : સ્થાનિક કોચોને અભાવે ગુજરાત રમતગમત ક્ષેત્રે પાછળ

ડીસા, તા. ૧૫

ગુજરાત રાજ્યનાં રમત-ગમતની પ્રવૃત્તિને વધુ સારી રીતે તથાતેનાં વિકાસ માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત કાર્યરત છે. જે એમ.એ.જી.ના ટૂંકા નામે ઓળખવામાં આવે છે. જેની પ્રવૃત્તિ ગુજરાતની રમત-ગમતની પ્રવૃત્તિનો વિકાસ કરવાનો તથા વિવિધ રમતોની સ્તરને ઉપર લાવવાનું કાર્ય કરે છે. પરંતુ ગુજરાત રાજ્યનું રમત-ગમતમાં દેખાવ ખુબ જ નિરાશાજનક રહ્યો છે. ૨૬ થી વધુ જિલ્લાઓ ધરાવતું આ રાજ્યમાં માત્ર ૧૦૦ કોચો જ વિવિધ રમતોના કાર્યરત છે. એટલે કે એક જિલ્લામાં બે કે ત્રણ કોચો કાર્યરત છે.જે ૨૦થી વધુ રમતોનું સંચાલન કરે છે. આટલા મોટા રાજ્યમાં માત્ર ૧૦૦ કોચો દ્વારા શું વિકાસ થવાનો તે સૌથી કોઈને સમજ આવે તેમ નથી. આ ૧૦૦ કોચોમાં ૬૦ થી વધારે કોચો જે બહારનાં રાજ્યનાં છે. આ તમામ કોચો સરકારનાં માસિક ૧૫,૦૦૦ ફિક્સ વેતનમાં કાર્ય કરે છે. તેમજ વિવિધ જિલ્લાઓમાં કોચિંગ આપે છે.

હવે સૌથી મહત્વનો મુદ્દો આ છે કે રાજ્ય સરકારનાં કોચ બનવાં માટે ભારત સરકારની સંસ્થાન નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોર્ટસ પટિયાલામાંથી ડીપ્લોમાં ડીગ્રી મેળવેલી હોવી જોઈએ. આ ડીગ્રી એક વર્ષની ટ્રેનિંગ બાદ પરીક્ષા પાસ કર્યા બાદ મળતી હોય છે.જે સૌથી ટફ એક વર્ષનો આ કોર્સ હોય છે. થોડા વર્ષો પહેલા ગુજરાત રાજ્યના એન.આઈ.એસ. કોચો નહોતાં મળતાં તેના લીધે બ્હારનાં રાજ્યનાં કોચો ગુજરાત સરકારે નિમણુંક કરવા પડ્યાં છે. હવે એટલે ૨૦૧૧-૧૨ના વર્ષમાં ગુજરાત રાજ્યમાં ૨૦થી વધુ એન.આઈ.એસ. કોચો આ ડીગ્રી મેળવીને આવ્યાં છે. પરંતુ છ મહિના જેટલો સમય વીતવા છતાં આ બેકાર બેઠેલા કોચોને શા માટે રાજ્ય સરકાર ફિક્સ વેતનથી નિમણૂંક કરતી નથી. આમ પણ ગુજરાતની રમત-ગમતની સ્થિતિ સાવ નિચલા સ્થળે છે. તો શા માટે નવરાં બેઠેલા ૨૦થી વધુ કોચોને પોત પોતાના જિલ્લામાં ફિક્સ વેતનથી લેતું નથી. ઉપર બેઠેલા અધિકારીઓને શા માટે આ દિશામાં વિચારતાં નથી તે પ્રશ્ન આજે આ એન.આઈ.એસ. કોચોને સતાવી રહ્યો છે. હમણાં જ થોડા મહિના પહેલાં ૨૮ કોચોની ભરતી બહાર પડેલી તેમાં હેન્ડબોલ, ફૂટબોલ, હોકી, જિન્માસ્ટીંક જેવી રમતોના કોચોનો શા માટે સમાવેશ ન કર્યો. આ ૨૮ કોચોની ભરતીમાં માત્ર ૪ થી ૫ કોચો જ નવી બેચના લાગેલા કારણ કે સ્વીમિંગ, ટેબલ ટેનિસ, બોકસિંગ જેવી રમતોમાં કોઈ કોચ જ મળ્યા નહિ. તો શા માટે રાજ્ય સરકાર બીજી રમતો જેવી કે ફૂટબોલ, હેન્ડબોલ, હોકી જેવી રમતોના ૨૦ થી વધુ એન.આઈ.એસ. થયેલા કોચોનો સમાવેશ નથી કરતી. હમણાં આ ભરતીમાં એક કિસ્સો એવો બનેલો કે આ ૨૮ કોચોની ભરતીમાં ૨ કોચ બહારના રાજ્યનાં લીધાં પરંતુ ગુજરાતનો એક માત્ર એથલેટીક કોચને શા માટે પડતો મુક્યો જે ગુજરાતનો એક માત્ર એથ્લેટીક કોચ હતો. શું બહારના રાજ્યમાં આવો અન્યાય પોતાના રાજ્યનાં કોચ જોડે કરશે. આ એક મોટો અન્યાય કર્યો પરંતુ આ મુદ્દે કોઈ જવાબ આપવા માટે તૈયાર નથી. આ એક મોટો પ્રશ્ન છે. કે શા માટે આ એન.આઈ.એસ. જોડે અન્યાય કરી રહી છે. રમત-ગમતનાં ગુજરાતનાં વિકાસ માટે ૨૦ થી વધુ કોચોને શા માટે સમાવેશ નથી કરતી. આ મુદ્દે એચ.એ.જી. તેમજ નવા આવેલા રમત-ગમત મંત્રીએ ચોક્કસ રીતે વિચારવું ખુબ જ અનિવાર્ય છે.

### હિંમતનગરમાં વિજ્ઞાન પત્રકારત્વ અંગે કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા.૧૫

હિંમતનગર ખાતે આવેલ એમ.ડી. પંડયા માણેક કૃપા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, માણેક કૃપા વિદ્યામંદિર, પોલો ગ્રાઉન્ડ હિંમતનગર મુકામે તા. ૧૭ જાન્યુઆરી ૨૦૧૩ને ગુરુવારના રોજ 'વિજ્ઞાન પત્રકારત્વ અને સહઅભ્યાસ પ્રવૃત્તિ' ના શિર્ષક હેઠળ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા તમામને સંસ્થાના આચાર્યા ગિરીરાજ પંડયાએ આમંત્રણ પાઠવ્યું છે.

# હિંમતનગરમાં જીવદયા પ્રેમીઓ દ્વારા ૮૭ પક્ષીઓ બચાવાયા : ૧૪ પક્ષીઓના મોત

હિંમતનગર, તા. ૧૫

ઉત્તરાયણમાં પતંગની દોરીથી ગંભીર રીતે પક્ષીઓ ઘાયલ થયા છે. તેને લઈને સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે કર્મયોગી જીવદયા ચેરીટેબલ ટ્રસ્ટ અને પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી દ્વારા દોરીથી ઘાયલ પક્ષીઓને લાવીને તેને બચાવવાની કામગીરી કરી હતી. બે દિવસમાં બંને દ્વારા ૮૭ પક્ષીઓને બચાવાયા હતા. જેમાંથી સારવાર દરમિયાન ૧૩ કબુતર અને એક કાગડાનું મૃત્યુ તયું હતું. જેને વિધિ કરીને દફન કરી દેવામાં આવ્યા હતા. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસે હિંમતનગરમાં ૩૬૫ દિવસ અને ૨૪ કલાક પશુ અને પક્ષીઓની સેવા કરતી કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ નીલેશ સોની, મંત્રી અય દરજી, ઉપપ્રમુખ લલિત પટેલ અને સહ મંત્રી નીકુલ શર્મા માહિતી આપતા જણાવેલ કે અમારી આ સેવામાં આણંદ વેટરનરી કોલેજના પક્ષીઓના ડોક્ટર શ્યામ મનોહર અને તેમના બે વિદ્યાર્થીઓ એમ ત્રણે જણાએ સેવા આપી હતી અને ૧૪ અને ૧૫ જાન્યુઆરી બે દિવસમાં પતંગની દોરીથી ઘાયલ કુલ ૬૯ પક્ષીઓને બચાવ્યા હતા. જેમાં ૬૩ કબૂતરો, બે બગલા, બે કાગડા, એક પોપટ, એક ટોપાઝ અને એક ગાયના વાછરડાનો સમાવેશ થાય છે. જેમાંથી સારવાર આપ્યા બાદ ૧૩ કબુતર અને એક કાગડાનું મૃત્યુ થયું હતું. જેના અંતિમ સંસ્કાર વિધિ મુજબ કરવામાં આવ્યા હતા જયારે પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના ઉપ પ્રમુખે જણાવેલ કે બે દિવસ દરમિયાન ૧૮ કબૂતરોને બચાવાયા હતા જેમાંથી એક કબુતરનું મૃત્યુંથયુંહતુંજેની અંતિમ વિધિ કરી દેવાઈ હતી.

### કાટવાડ ગામે ૬ પશુઓ ભરેલા બે જીપડાલા ઝડપાયા

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાટવાડ ગામની સીમમાંથી બે જીપડાલામાં ૬ ભેંસો તથા ચાર ઈસમો બે ડાલા સાથે પકડેલાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે નોંદાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આજરોજ સવારના સમયે કાટવાડ ગામની સીમમાંથી ફજલભાઈ મહંમદભાઈ મુલતાની, અફીલબાઈ મૌલાભાઈ મુલતાની રહે. રાણા સૈયદ, મોડાસા હનીફભાઈ મુલતાની, તસરૂદ્દીન હનીફભાઈ મુલતાની બન્ને રહે. ચાંદટેકરી, મોડાસા પોતાના પીકઅપ જીપડાલા નંબર જીજે-૧૨-એડી-૧૮૦૪ અને જીજે-૯-એક્સ-૯૬૫૭માં બન્ને ડાલામાં ત્રણ-ત્રણ ભેંસો કુલ ભેંસો ૬ની કિંમત અંદાજીત ૩૦,૦૦૦ની દોરડાવડે મરણોતલ હાલતમાં જીપમાં બાંધી પાણી ઘાસચારાની સગવડ કર્યા વગર કતલખાને લઈ જવાઈ રહ્યા હતા. વધુમાં અત્યારે પશુઓને ઈડર પાંજરાપોળમાં મોકલી આપેલાનું જાણવા મળેલ છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૫

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ

● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.

● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ

● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮